જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૦

### Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૧૯ | ૧૫ | ૧૫૨૩૪ | ૧૬૦૪૫ | ૧૫ | ૧૬૦૬૦ |
| કુલ | | ૩૦૨૯૩ | ૧૫ | ૩૦૩૦૮ | ૩૮૯૪૦ | ૧૫ | ૩૮૯૫૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૪ | ૧૧,૯૧,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૭૮ | ૧૪,૭૮,૦૦૦/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>કાલુપુર પોલીસ સ્ટેશન :</u>**

## <u>અલગ અલગ રાજ્યના શહેરોમા દુકાનો તથા ઓફિસોમા ઘરફોડ ચોરી કરતી ઉત્તરપ્રદેશની આંતરરાજ્ય “ચિપકલી” ગેંગના ત્રણ આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી કાલુપુર પોલીસ</u>

મે.પો.કમી.સા.શ્રી.તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અવાર નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેકટર શ્રી આર.જી.દેસાઇ કાલુપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ

કાલુપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૬૨૦૦૪૦૪/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.બી.સરવૈયા તથા સર્વેલન્સ સ્કોડના માણસોએ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરી ગુનાવાળી જગ્યાએથી સી.સી.ટીવી ફુટેજ મેળવી અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને શોધી ગુનો ડિટેક્ટ કરવા માટેની કામગીરીમાં હતા દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડના હે.કો.હિતેન્દ્રકુમાર શંકરલાલ બનં-૯૦૮૭ તથા પો.કો ધવલ અંબારામ બ.નં-૫૩૬૨ તથા અ.લો.ર.નરેશભાઇ બળવંતભાઇ બ.નં-૪૬૩ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે,ઉપરોકત ઘરફોડ ચોરીના ગુનાના સી.સી.ટીવી ફુટેજમાં દેખાતા શકદાર ઇસમો કાલુપુર સર્કલ તરફના રોડ થી આવી રેલ્વે સ્ટેશનમાં જનાર છે. જે બાતમી હકિકતની જાણ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કરી સાહેબ સાથે હાજર રહી રેલ્વે સ્ટેશન ઇનગેટ ખાતે પંચો રૂબરૂ સી.સી.ટીવી ફુટેજમાં દેખાતા શકદાર ઇસમોની વોચમાં રહી શકદાર ઇસમો પસાર થતા પંચો રૂબરૂ સ્ટાફના માણસો સાથે મુદ્દામાલ સાથે પકડી પાડેલ.

આ કામે પકડાયેલ આરોપી-(૧) નુર મોહંમદ S/O મોહંમદ ઉંમર જાતે.શેખ ઉવ.૨૩ રહે-મનં-૨૦૬ ગામ-બુરહાનુદ્દીનપુર પોસ્ટ.કાજીવાલા તા-જી-બિજનોર ઉતરપ્રદેશ (૨) સલમાનખાન છોટેખાન જાતે.શેખ ઉવ.૨૩ રહે-ગામ.ઉચાડ થાના-ગોરાઘાટ તા.સેવડા જી.તાતીયા મધ્યપ્રદેશ (૩) મુશરફ ઉર્ફે હાડો S/O ભુરા જાતે.શેખ ઉવ.૨૨ રહે-ગામ.ચિડીયાચાનડ થાના.તિરખપુર તા.નજીયાબાગ જી.બિજનોર ઉતરપ્રદેશ નાઓની પુછપરછ કરતા પોતે આ ઘરફોડ ચોરી કરેલાનુ કબુલાત કરેલ અને તેઓના કબ્જાની બેગમાંથી ઉપરોક્ત ઘરફોડ ચોરીના ગુનાનો મુદ્દામાલ રોકડા રુ રૂ.૫,૧૦,000/-તથા આરોપીઓના મોબાઇલ ફોન નંગ-03 જેની કુલ કિરૂ.૧૭૫00/-તથા અંગઝડતીના નાણા રુપિયા-૧૪00/-તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ સ્ટીલનુ ડીસમીસ કિર.00/00 તથા લોખંડનુ વાંદરી પાનુ (એક્જેસટેબલ પાનુ) કિરૂ.00/00 ની મતાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.અને આરોપીઓને

તા.૨૫/૧૦/૨૦૨૦ ના કલાક ૨૦/૧૦ વાગે અટક કરવામાં આવેલ છે તેમજ તપાસ દરમ્યાન આરોપીઓને યુક્તી પ્રયુકિતથી પુછપરછ કરતા પોતે ઉતરપ્રદેશ ખાતેની અલગ-અલગ રાજ્યોના વિવિધ શહેરોમાં દુકાનો અને ઓફિસોમાં ઘરફોડ ચોરીઓ કરતી " ચિપકલી " ગેંગ ના માણસો હોવાની કબુલાત કરેલ છે.

**મોડસ ઓપરેન્ડી :-**

સદરી આરોપીઓ માર્કેટ વિસ્તારોમાં આવેલ દુકાનો તથા ઓફિસોની દિવસ દરમ્યાન રેકી કરી તે જગ્યા તેમજ આજુ બાજુના વિસ્તારથી માહિતગાર થઈ રાત્રીના સમય દરમ્યાન ધાબા પર ચડી દુકાનો તથા ઓફિસોના ધાબા પર આવેલ લોખંડની જાળી, બારી, દરવાજાઓના હેન્ડલ/નકુચા એક્જેસટેબલ પાનુ, સ્ક્રુ ડ્રાઇવર (ડિસમીસ) તથા લોખંડના રોડથી તોડી દુકાન,ઓફિસમાં પ્રવેશ કરી દુકાન ઓફિસોના કાઉન્ટરો તથા તિજોરી,લોકર માંથી ચોરી કરવાની એમ.ઓ.ધરાવે છે.

**આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ:-**

**નુર મોહંમદ S/O મોહંમદ ઉંમર જાતે.શેખ**

૧. નજીબાબાદ પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૩૭૨/૨૦૧૫ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦,૪૨૭.મુજબ
૨. નજીબાબાદ પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૩૯૮/૨૦૧૫ ઇપીકો કલમ-૪૦૧.મુજબ
૩. નજીબાબાદ પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૩૯૯/૨૦૧૫ આર્મ્સ એક્ટ કલમ-૪,૨૫.મુજબ.
૪. નજીબાબાદ પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૫૯૪/૨૦૧૫ NDPS એક્ટ કલમ-૨,૩ મુજબ.
૫. નજીબાબાદ પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૩૨૯/૨૦૧૫ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦,૪૧૧.મુજબ
૬. કોતવાલી શહેર બિજનોર પો.સ્ટે(ઉતરપ્રદેશ)ગુરનં-૪૭/૨૦૧૬ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦,મુજબ.
૭. કોતવાલી શહેર બિજનોર પો.સ્ટે(ઉતરપ્રદેશ)ગુરનં-૧૦૨/૨૦૧૬ ઇપીકોકલમ-૩૯૯,૪૦૧,૪૧૧
૮. કોતવાલી શહેર બિજનોર પો.સ્ટે(ઉતરપ્રદેશ)ગુરનં-૧૦૩/૨૦૧૬ આર્મ્સ એક્ટ કલમ ૪, ૨૫
૯. કોતવાલી શહેર બિજનોર પો.સ્ટે(ઉતરપ્રદેશ)ગુરનં ૭૬૩/૨૦૧૬ NDPS એક્ટ કલમ-૨, ૩
૧૦.કોતવાલી શહેર બિજનોર પો.સ્ટે. (ઉતરપ્રદેશ) ગુરનં-૧૦૧૪/૨૦૧૬ ઇપીકો કલમ૩૭૯, ૪૧૧
૧૧. હુસેનીઆલમ પો.સ્ટે(હૈદરાબાદ,તેલંગણા)ગુરનં-૨૮૦/૨૦૧૬ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦ મુજબ.
૧૨. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૩/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૩.ચારમીનાર પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૭/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૪.અફઝલગંજ પો.સ્ટે(હૈદરાબાદ,તેલંગણા)ગુરનં-૧૦૫/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૫. હુસેનીઆલમ પો.સ્ટે(હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૪૪/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૬. મહાકલી પો.સ્ટે.(હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૮૭/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૭. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૦૦/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૮. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૧૦/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.

૧૯. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૧૩/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૨૦. કોતવાલી બરેલી (ઉતરપ્રદેશ) પો.સ્ટે. ગુરનં-૦૪૬૧/૨૦૧૯ ઇપીકો કલમ-૩૯૮,૪૦૧.મુજબ.
૨૧.દિલ્હીગેટ પો.સ્ટે. (મેરઠ,ઉતરપ્રદેશ) ગુરનં-૨૩૨/૨૦૧૯ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦, ૪૧૧

**સલમાનખાન છોટેખાન શેખ**

૧. હુસેનીઆલમ પો.સ્ટે(હૈદરાબાદ,તેલંગણા)ગુરનં-૨૮૦/૨૦૧૬ ઇપીકો કલમ-૪૫૭, ૩૮૦.
૨. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૩/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૩. ચારમીનાર પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૭/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૪. અફઝલગંજ પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૦૫/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૫. હુસેનીઆલમ પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૪૪/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૬. મહાકલી પો.સ્ટે.(હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૮૭/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૭. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૦૦/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૮. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૧૦/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૯. મહાકલી પો.સ્ટે. (હૈદરાબાદ,તેલંગણા) ગુરનં-૧૧૩/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦.મુજબ.
૧૦.સુરજપોલ પો.સ્ટે.(ઉદયપુર.રાજસ્થાન) ગુરનં-૦૩૩૩/૨૦૧૯ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦ મુજબ.

**મુશરફ ઉર્ફે હાડો S/O ભુરા શેખ**

૧. કોતવાલી બરેલી (ઉતરપ્રદેશ) પો.સ્ટે. ગુરનં-૦૪૬૧/૨૦૧૯ ઇપીકો કલમ-૩૯૮,૪૦૧.મુજબ.
૨. દિલ્હીગેટ પો.સ્ટે. (મેરઠ,ઉતરપ્રદેશ) ગુરનં-૨૩૨/૨૦૧૯ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦,૪૧૧.મુજબ.

**આરોપીઓ અટક કરવાના બાકીના ગુના :-**

૧.ઝાંસીરોડ પો.સ્ટે.જીલ્લો.ગ્વાલીયર (મધ્યપ્રદેશ) ગુરનં-૦૨૪૦/૨૦૨૦ ઇપીકો કલમ-૪૫૭,૩૮૦,૫૧૧ મુજબનો ગુનો બે અજાણ્યા ઇસમો વિરુધ્ધ દાખલ થયેલ છે જે ગુનો આરોપી સલમાનખાન છોટેખાન શેખ નાએ તેના મિત્ર હીરાલાલ સાથે મળી આચરેલ હોય જે ગુનાના કામે સદરી આરોપી વોન્ટેડ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-**

(૧) આર.જી.દેસાઇ પોલીસ ઇન્સ્પેકટર કાલુપુર પોલીસ સ્ટેશન
(૨) એસ.બી.સરવૈયા પો.સબ.ઇન્સ. સર્વેલન્સ સ્કોડ કાલુપુર પોલીસ સ્ટેશન
(૩) હે.કો.ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બનં-૭૮૪૨
(૪) હે.કો.હિતેન્દ્રકુમાર શંકરલાલ બનં-૯૦૮૭
(૫) હે.કો.ભરતકુમાર નાનજીભાઇ બ.નં-૫૯૭૯
(૬) હે.કો.કિશોરકુમાર પરસોતમભાઇ બનં-૫૪૯૨
(૭) પો.કો.મહેબુબખાન નસીબખાન બનં-૫૪૧૫

(૮) પો.કો.રાહુલભાઇ મનોજભાઇ બનં-૧૦૩૦૮

(૯) પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં-૭૬૫૪

(૧૦) પો.કો.જયપાલસિંહ અજીતસિંહ બ.નં-૧૧૮૨૫

(૧૧) પો.કો ધવલ અંબારામ બ.નં-૫૩૬૨

(૧૨) પો.કો.પંકજકુમાર ઉકાભાઇ બનં-૩૧૦૨

(૧૩) પો.કો.એડવીન એલેક્ઝાન્ડર બ.નં-૮૪૪૦

(૧૪) પો.કો.સંજયભાઇ વનાભાઇ બ.નં.૮૫૮૦

(૧૫) અ.લો.ર.મહેન્દ્રસિંહ જોરસંગભાઇ બ.નં-૫૬૧

(૧૬) અ.લો.ર.નરેશભાઇ બળવંતભાઇ બ.નં-૪૬૩

(૧૭) અ.લો.ર.ભરતકુમાર નરોતમભાઇ બ.નં-૩૪૪

(૧૮) વુ.લો.ર.પુષ્પા જેઠાભાઇ બનં-૧૦૭૯૦


નુર મોહંમદ


સલમાનખાન


મુશરફ ઉર્ફે હાડો

**વેજલપુર પોલીસ સ્ટેશન :**

## ચોરીમા ગયેલ ઓટો રીક્ષા સાથે એક ઈસમને પકડી પાડી વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "ઝોન - ૭" સાહેબ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "એમ ડિવીઝન" સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર "ઝોન – ૭" વિસ્તારમાથીમાં મિલકત સબંધી તથા વાહન ચોરીના અનડીટેક્ટ ગુનાઓ સત્વરે શોધી કાઢવા સારું તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ સુચના કરતા પોલીસ ઈન્સ્પેકટર સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ શ્રી બી.ડી ભટ્ટ તથા મ.સ.ઈ સુર્યકાન્ત ભીખાભાઈ બ.ન ૮૧૯૪ તથા પો.કો સુરેશભાઈ લાલજીભાઈ બ.નં-૧૦૩૪૦ તથા લોકરક્ષક રવિરાજસિંહ મહીપતસિહ બ.નં ૧૯૮૪ તથા લોકરક્ષક નાગરાજભાઈ અમકુભાઈ બ.નં ૧૩૯૫ નાઓ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીમા ગયેલ વાહનોની ખાનગી રીતે વોચ તપાસમા હતા દરમ્યાન લોકરક્ષક રવિરાજસિંહ મહીપતસિહ બન ૧૯૮૪ તથા લોકરક્ષક નાગરાજભાઈ અમકુભાઈ બ.ન-૧૩૯૫ નાઓને પોતાના ખાનગી બાતમીદારોથી માહીતી મળેલ કે એક ઈસમ ચોરી અથવા છળકપટ થી મેળવેલ બજાજ કંપનીની પીળા તથા પોપટી કલરની ઓટો રીક્ષા લઇ ટી.વી-૯ થઈ જુહાપુરા તરફ જનાર છે જે બાતમી આધારે એન.કે સ્કુલ ટી.વી ૯ ની પાછળ જાહેર રોડ ઉપર વોચમા રહી ઉપરોક્ત બાતમીવાળી ઓટો રીક્ષા આવતા તેને રોકી લઇ રોડની સાઇડ લઇ તેના ચાલકને પકડી પાડી તેની પાસે રહેલ બજાજ ઑટો રીક્ષાની આગળ પાછળ જોતા આર.ટી.ઓ નંબર GJ-01-CU-3420 નો જણાયેલ જેથી સદરી ઈસમ પાસે ઓટો રીક્ષાની આર.સી.બુક, ઓરીજીનલ કાગળો બાબતે પુછતા ગલ્લા-તલ્લા કરી યોગ્ય સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી સદર રીક્ષા ચાલક અંગે ઈ-ગુજકોપ એપ્લીકેશન તથા પોકેટ કોપમા કરતા સદરી પ્રહલાદભાઇ અગાઉ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે વાહનચોરીના ગુનામા પકડાયેલ હોવાની માહીતી જણાઇ આવેલ જેથી સદરીને વિશ્વાસમા લઈ યુક્તિ-પ્રયુક્તિ વડે ઉંડાણપુર્વક પુછપરછ તપાસ કરતા જણાવેલ કે સદર ઓટો રીક્ષા ચાંમુડા પાનપાર્લરની સામે, વસ્ત્રાપુર ફાટક પાસે, વેજલપુર ખાતે આવેલ સુયોગ કોમ્પલેક્ષ ખાતેથી ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ

જેથી ઉપરોક્ત બજાજ ઓટો રીક્ષા બાબતે ઈ-ગુજકોપ એપ્લીકેશન તથા પોકેટ કોપમા ઓટો રીક્ષાનો આર.ટી.ઓ નંબર સર્ચ કરતા સદરી ઓટો રીક્ષા બાબતે અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ A-૧૧૧૯૧૦૨૭૨૦૧૮૨૧/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે. જેથી સદરી ઈસમ નામે પ્રહલાદભાઈ ભીખાજી ઠાકોર ઉ.વ-૩૫ ધંધો-મજુરી કામ રહે- મફતાપુરાવાસ, પ્રાથમીક શાળાની પાછળ, જોધપુર ગામ, અમદાવાદ શહેર નાને આજરોજ તા-૨૭/૧૦/૨૦૨૦ ના કલાક-૧૩/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરવામા આવેલ છે. આમ વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડને ચાલુ માસમા વધુ એક વાહન ચોરીના ભેદ ઉકેલવામા સફળતા મળેલ છે.

**શોધાયેલ ગુનાની વિગત**

વેજલપુર પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર. A-૧૧૧૯૧૦૪૨૨૦૧૮૨૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

**આરોપીનો પુર્વ ઇતિહાસ**

વેજલપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં ૦૦૯૯/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૩૭૯

**ચાલુ માસમા વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડ દ્વારા શોધાયેલ ગુનાઓની વિગત**

| ઘરફોડ ચોરી | વાહન ચોરી |
|---|---|
| ૦૨ | 03 |



# પાસા અટકાયતીની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

(૧)

## આરોપીને પાસા અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).મણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૬૩૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૪૬૨ મુજબ (૨).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૧૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૧૧૪ મુજબના નજર ચુકવી છેતરપીંડી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૨૧/૨૦૨૦ તા.૨૬/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૬/૧૦/૨૦૨૦ ના કલાકઃ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૬/૧૦/૨૦૨૦

**મુદ્દામાલ-** (૧).મુદ્દામાલ રોકડા રૂા.૧,૩૭,૦૦૦/- રીકવર મુદ્દામાલ રોકડા રૂા.૪૩,૦૦૦/-
(૨).મુદ્દામાલ સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા.૫૮,૫૦૦/- રીકવર મુદ્દામાલ સોના-ચાંદીના દાગીના કુલ્લે કિં૰રૂા.૬૦,૪૦૦/-

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પોલીસ ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ૰હે૰કો૰શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ૰નં૰૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫

**આરોપીનું નામ :-** શ્રી પોપટસીંગ ઉર્ફે મલખાન ગોકુલસિંહ પટવા (ચીખલીગર) ઉ.વ.૩૨ રહે.સીંગલ ફળીયુ ગોદીરોડ દાહોદ

**આરોપીનો ફોટો**



## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).મણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૬૩૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૪૬૨ મુજબ (૨).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૧૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦,૧૧૪ મુજબના નજર ચુકવી છેતરપીંડી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૨૨/૨૦૨૦ તા.૨૬/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૬/૧૦/૨૦૨૦ ના કલાકઃ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૬/૧૦/૨૦૨૦

**મુદ્દામાલ-** (૧).મુદ્દામાલ રોકડા રૂ.૧,૩૭,૦૦૦/- રીકવર મુદ્દામાલ રોકડા રૂ.૪૩,૦૦૦/- (૨).મુદ્દામાલ સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂ.૫૮,૫૦૦/- રીકવર મુદ્દામાલ સોના-ચાંદીના દાગીના કુલ્લે કિં.રૂ.૬૦,૪૦૦/-

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ૦હે૦કો૦શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ૦નં૦૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫

**આરોપીનું નામ :-** શ્રી ધારાસીંગ બલ્લુસીંગ પટવા (ચીખલીગર) ઉ.વ.૨૫ રહે.સીંગલ ફળીયુ ગોદીરોડ દાહોદ

**આરોપીનો ફોટો**



# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૨૪/૨૦૨૦ તા.૨૬/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૬/૧૦/૨૦૨૦ ના કલાકઃ૨૧/૨૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૬/૧૦/૨૦૨૦

આરોપીનું નામઃ- શ્રી નિલેશ સ/ઓ વિક્રમભાઇ પુનમભાઇ જાતે બારોટ ઉ.વ.૩૫ ધંધોઃ- ટેક્ષ ટાઇલ્સ રહે.મ.નં.જી/૫૦૩,કેશવ ગેલેક્ષી શેલ્બી હોસ્પીટલની પાછળ નિકોલ અમદવાદ શહેર મૂળ વતન ગામ-ત્રાજ તા.માતર જી.ખેડા

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ૰હે૰કો૰શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ૰નં૰૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫

**આરોપીનો ફોટો**



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-		સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી ૨૮૬ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-		સમાચાર યાદી નં.૧૮૪૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-		સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૦

**સોલા હાઇકોર્ટઃ** મનિષકુમાર શીવનાથરાય રાય (ઉ.વ.૪૩)(રહે. દેવનંદન એલટેઝા પોદાર સ્કુલ પાસે, ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૨૬/૧૦/૨૦૨૦ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૦ થી તા.૦૧/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કેનેરા બેંકની સાયન્સ સીટી શાખા તથા કેનેરા બેંકની ગોતા શાખાના એ.ટી.એમ.માંથી ત્રણ અજાણ્યા ઇસમોએ અલગ-અલગ એ.ટી.એમ કાર્ડનો ઉપયોગ કરી, રૂપિયા નુ ટ્રાન્જેકેશન કરી, રૂપિયાનુ ટ્રાન્જેકેશન થાય એટલે તરતજ એ.ટી.એમ મશીનને પાછળના ભાગેથી ખોલી એ.ટી.એમ કોનફીડેનશીયલ સ્વીચ ઓફ કરી અંદરથી યેનકેન પ્રકારે રૂપિયા ઉપાડી લઇ, પાછુ એ.ટી.એમ મશીન બંધ કરી કોનફીડેનશીયલ સ્વીચ ચાલુ કરી કુલ રૂપિયા ૧,૬૨,૦૦૦/- મેળવી લઇ બેંક સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**નવરંગપુરાઃ** મુકેશભાઇ રસીકલાલ પરમાર (ઉ.વ.૪૩)(રહે.જગજીવન સોસાયટી શારદાબેન હોસ્પિટલ પાછળ સરસપુર) એ તા.૨૬/૧૦/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રીલ-મે/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ, બાટા શો-રૂમ સામે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની ગલી નિર્માણ હાઉસ ખાતે આરોપી (૧) કિરીટભાઇ કાનજીભાઇ પટેલ (રહે.ભગવતી એપાર્ટમેન્ટ મેમનગર) અને (૨) પ્રતિકભાઇ સુરેશભાઇ ઠક્કર (રહે.રૂષભરાજ ફ્લેબ્સ ભાડુઆતનગર મણીનગર) એ ભેગા મળી વર્ડ વિઝ (એન્ટી વાઇરસ) મોબાઇલ સોફ્ટવેર કંપનીમાં નિલકંઠ એન્ટરપ્રાઇઝનું કંપનીના ખાતામાં વેપાર ધંધા અર્થે રૂપિયા ટ્રાન્સફર કરાવી, વેપાર ધંધા અર્થે રોકાણ કરવાના બહાને મુકેશભાઇ પાસેથી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઇ પરત નહી આપી મુકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાજી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૦**

**વાડજઃ** શીવાભાઇ દમાભાઇ પ્રજાપતિ (રહે. સેકટર-૪ નિર્ણયનગર) એ તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૧૦/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાની જુની વીંટી નંગ-૬ કિમત રૂપિયા ૭૦,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની લક્કી નંગ-૧ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**કાગડાપીઠઃ** દિગ્નેશભાઇ સુરેશભાઇ ખિલવાણી (રહે.સત્કાર બંગ્લોઝ નાના ચીલોડા) એ તા.૨૬/૧૦/૨૦૨૦ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન શ્યામજી કૃષ્ણવર્મા સ્પોર્ટ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૧૦ નુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, CCTV નુ DVR કિમત રૂપિયા. ૨,૦૦૦/- અને તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે મારૂ ચલાવે છે

**નવમા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૭/૨૦૨૦**

**નિકોલઃ** નિકોલ પાંડવવાડી પાસે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનાના ડી બ્લોક ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા સંજયભાઈ સવાભાઈ નાયક (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ સાંતકુડા તા. દેવગઢ બારીયા જી. દાહોદ) તા.૨૬/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનાના ડી બ્લોકના નવમા માળે સીડી ઉપર સેંટીગના ટપા ખોલતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલજી શુકાજી ચલાવે છે.

**જીવજંતુ કરડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૮/૨૦૨૦**

**વેજલપુરઃ** ફતેહવાડી હાફીઝીમસ્જીદ પાસે અતીકાપાર્ક સોસાયટી ખાતે રહેતા કરીમખાન અબ્દુલખાન પઠાણની બે વર્ષની પુત્રી આરજુબાનુ તા.૨૫/૧૦/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર રમતી હતી ત્યારે પગ ઉપર જીવજંતુ કરડી જતા સારવાર માટે તેને વા.સા.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઇશ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૪૯/૨૦૨૦**

**દરીયાપુરઃ** અર્ષદઅખતર અબ્દુલહમીદ શેખ (ઉ.વ.૪૫) (રહે. મોટીઅલીની પોળ ડબગરવાડ દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈશ્રી કે.સી.પટેલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** મંજુબહેન કાળીદાસ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. આંબેડકર કોલોની જી.ડી.રોડ સૈજપુર બોધા) એ બિમારીથી કંટાળી તા.૨૫/૧૦/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી